**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી**
જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત, વડોદરા,
૭ મે માળ, રાજમહેલ રોડ, વડોદરા
ફોન નં-૦૨૬૫-૨૪૩૬૪૧૧, ફેકસ નં-૦૨૬૫-૨૪૩૧૦૩૬
ઈમેઈલ:–dpeo-ddo-vad@gujarat.gov.in , dpeovadodara@gmail.com

જા.નં.શિક્ષણ/ખા.શા/૯૬/૨૦૧૨

તા.૨૯/૦૫/૨૦૧૨

**પ્રતિ,**
**પ્રમુખશ્રી,**
**ગ્લોબલ એજ્યુકેશન રીસર્ચ ફાઉન્ડેશન વડોદરા,**
**તા.વડોદરા, જિ.વડોદરા.**

**વિષય:- ખાનગી પ્રાથમિક શાળાને માન્યતા આપવા બાબત.**

ઉપરોક્ત વિષય પરત્વેની આપની સંસ્થા દ્વારા **ગ્લોબલ ડીસ્કોવરી એકેડમી સેવાસી (અંગ્રેજી માધ્યમ)**ની માન્યતા માટે કરેલ અરજીના સંદર્ભમાં કરવામાં આવેલ ચકાસણી અને પત્ર વ્યવહારના સંદર્ભે આપના દ્વારા **જુન-૨૦૧૨**થી શરૂ કરવામાં આવનાર શાળાને પ્રાથમિક શાળા માટે ધોરણ- **ધોરણ-૧ થી ૫ નવીન શાળા**ની મંજુરી નીચેની શરતોના પાલન કરવાનાં શરતે મંજુરી આપવામાં આવે છે.

૧. પ્રવેશ વખતે શાળા સંચાલક મંડળ કે શાળા દ્વારા કોઇ પણ પ્રકારની કેપીટેશન ફી, દાન(ડોનેશન), અનામત લઇ શકાશે નહી. કે વાલીઓ કે બાળકોના ઇન્ટરવ્યુ લઇ શકાશે નહી.

૨. શાળા કોઇ બાળકને ઉંમરના પુરાવાના અભાવે પ્રવેશ માટે ના પાડી શકશે નહી. કે ધર્મ, જ્ઞાતિ કે જાતિ કે જન્મસ્થળ કે તેમાંથી કોઇ પણ એક કારણસર પ્રવેશ આપવા માટે ના પાડી શકશે નહી.

૩. શાળાએ ખાતરી આપવાની રહેશે કે,
- શાળામાં દાખલ થયેલ કોઇ પણ બાળકને પ્રાથમિક શિક્ષણ પુરૂ થાય ત્યાં સુધી કોઇ એક વર્ગમાં રોકી શકાશે નહી. કે વર્ગ કે શાળામાંથી બહાર કાઢસે નહી.
- કોઇ પણ બાળકને શારીરીક શિક્ષા કરશે નહી કે માનસિક ત્રાસ આપશે નહિ.
- પ્રાથમિક શિક્ષણ પુરૂ થાય ત્યાં સુધી બાળકે કોઇ બોર્ડની પરીક્ષા આપવાની રહેશે નહી.
- પ્રાથમિક શિક્ષણ પુરૂ કરનાર પ્રત્યેક વિદ્યાર્થીને તે અંગેનું પ્રમાણપત્ર આપશે.
- મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમની ૧૯૪૭ અને મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો ૧૯૪૯ની જોગવાઇ મુજબ નિયત થયેલ લાયકાત વાળા શિક્ષકોને જ નિમણુક આપશે.
- શાળાનો કોઇ શિક્ષક ખાનગી ટ્યુશનને લગતી પ્રવૃતિમાં ભાગ લેશે નહી.

District Education Committee Jilla Panchayat, Vadodara

૪. રાજય સરકાર દ્વારા નિયત કરેલ સક્ષમ શૈક્ષણીક સત્તામંડળ દ્વારા નકકી કરેલા અભ્યાસક્રમને શાળામાં ભણાવવાના રહેશે.

૫. શાળા પાસે જેટલા વિદ્યાર્થીઓ સમાવી શકે તેવી માળખાકીય વ્યવસ્થા હોય તેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રેહેશે.

૬. શાળાની અંદર કોઇ પણ પ્રકારના અમાન્ય વર્ગો ચલાવવાના રહેશે નહી કે તેજ નામ હેઠળ અન્ય જગ્યાએ શાળા અમાન્ય વર્ગો ચલાવી શકશે નહી.

૭. શાળાનું મકાન, મેદાન કે અન્ય માળખાગત સુવિધાનો ઉપયોગ ફકત શિક્ષણ અને કુશળતા વિકસાવવામાં કરશે. સોસાયટી રજીસ્ટ્રેશન એકટ- ૧૮૬૦ અથવા અન્ય કોઇ પણ કાયદા હેઠળ રચાએલ મંડળ (સોસાયટી) જ શાળા ચલાવી શકશે.

૮. શાળા કોઇ પણ વ્યકિત અથવા મંડળ, અથવા વ્યકિતઓના મંડળ કે અન્ય વ્યકિતઓ દ્વારા નફા કરવાના હેતુથી ચલાવી શકશે નહી.

૯. શાળાનાં નાણાકીય હિસાબોનું ચાર્ટડ એકાઉન્ટન પાસેથી ઓડીટ કરાવી તેનું પ્રમાણપત્ર અને જરૂરી સ્ટેટમેન્ટ સર્ટીફાય કરવાનું રહેશે. અને તેની એક નકલ અત્રેની કચેરીમાં મોકલી આપવાની રહેશે.

૧૦. શાળા દ્વારા અત્રેની કચેરી દ્વારા કે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દવરા કે રાજય સરકાર અથવા સ્થાનીક સંસ્થાઓ દ્વારા વખતો- વખત જે પ્રકારની માહિતી માન્યતાની શરતોને પાલન અર્થે કે તેની ત્રુટીઓ દુર કરવા માટે જે માહિતી માંગવામાં આવે તે શાળા દ્વારા પુરી પાડવામાં આવશે.

૧૧. ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના તા.૧૮/૦૨/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/ ૧૧૨૦૧૧- ૧૪૯-ક મુજબ શૈક્ષણીક વર્ષ દરમ્યાન પ્રાથમિક વિભાગ માટે એટલે કે ધોરણ-૧ થી ૫ માટે કામકાજના ૨૦૦(બસો) દિવસ અને વર્ષ દીઠ ઓછામાં ઓછા ૮૦૦ કલાક શૈક્ષણીક કામગીરી કરવાની રહેશે.

૧૨. ઉપરોકત શરતોનું પાલન ન કરવામાં આવે તો શાળાની માન્યતા રદ કરવામાં આવશે.

District Education Committee, Jilla Panchayat, Vadodara

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**જિલ્લા શિક્ષણ સમિતિ વડોદરા**

**નકલ સવિનય રવાનાઃ-**

માન.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોકનં- ૧૨/૧ જુનાસચિવાલય ગુ.રા.ગાંધીનગર તરફ જાણ સારૂ

**નકલ રવાનાઃ-**

બિટનિરીક્ષકશ્રી/કેળવણી નિરીક્ષકશ્રી વડોદરા તરફ જાણ સારૂ